સાબરકાંઠા(હિંમતનગર), કચ્છ(ભૂજ) તથા મહેસાણા ખાતે નવી ઉભી થયેલ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીઓ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન કુલ ત્રણ નવા ઝેરોક્ષ મશીન ખરીદવા વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ મસક/૧૦૨૦૧૩/૪૪/ફ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– ૧૦/૪/૨૦૧૩

**ઠરાવઃ–**

સાબરકાંઠા (હિંમતનગર), કચ્છ(ભૂજ) તથા મહેસાણા ખાતે નવી ઉભી થયેલ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીઓ માટે કુલ ત્રણ નવા ઝેરોક્ષ મશીન ખરીદવા નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે થયેલ જોગવાઈ ૪.૫૦ લાખને વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

૨. જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીઓમાં ૩ નવા ઝેરોક્ષ મશીન ખરીદવા માટે વર્ષ ૨૦૧૩–૧૪ ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે નોન પ્લાન હેઠળ રૂા. ૨,૭૦,૦૦૦/– તથા પ્લાન હેઠળ રૂા. ૧,૮૦,૦૦૦/– મળી કુલી રૂા. ૪.૫૦ લાખની જોગવાઈ ને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ, બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૪) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) DGS&D ના રેટ કોન્ટ્રાકટ મુજબ ઝેરોક્ષ મશીન ખરીદવાના રહેશે.

ઉકત શરતોને આધીન વર્ષ ૨૦૧૩–૧૪ ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈ મુજબ રૂા. ૪.૫૦ લાખના ખર્ચને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ અંગે થનાર ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ ના નીચેના બજેટ સદર હેઠળના અંદાજપત્રમાં મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી ઉધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | માંગણી નંબર | ૦૪૬ |
| ૨ | મુખ્ય સદર | ૨૨૩૫–સામાજિક સુરક્ષા અને કલ્યાણ |
| ૩ | પેટા મુખ્ય સદર | ૬૦–અન્ય સામાજિક સુરક્ષા અને કલ્યાણ કાર્યક્રમો |
| ૪ | ગૌણ સદર | ૨૦૦–અન્ય યોજનાઓ |
| ૫ | પેટા સદર | ૦૧–SCW –૩૭<br>જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનઃવસવાટની કચેરી |
| ૬ | ખર્ચનો પ્રકાર | આયોજન હેઠળ/આયોજન બહાર |
| ૭ | ખર્ચનું હેડ ચાર્જેબલ | ૨૨૩૫ ૬૦ ૨૦૦ ૦૧ |
| ૮ | પ્લાન યોજનાનો કોડ | ૫૧૭૯૫૭ |

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પરની અગ્ર સચિવશ્રી ખર્ચ, નાણા વિભાગની તા.૩/૪/૨૦૧૩ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(ઉમેશ શર્મા)**
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

**નકલ રવાનાઃ–**

- નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, શાહીબાગ, અમદાવાદ.
- અગ્ર સચિવશ્રી(નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ /રાજકોટ
- શાખા સિલેકટ ફાઈલ.